ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

# લગ્નની ખરીદી માટે ઓનલાઈન શોપીંગ ટ્રેન્ડમાં

## કોરોનાને કારણે શહેરની બહાર ન જઈ પાનેતર પણ દીકરીઓ ઓનલાઈન જ ઓર્ડર કરી રહી છે



ગાંધીનગર, તા.૮

શ્રાધ્ધ પક્ષ બેસી ગયું છે. આ વર્ષે શ્રાધ્ધ બાદ અધિક માસ આવે છે અને હવે શુભ પ્રસંગો અર્થેના મુહુર્ત કારતક માસમાં જ એટલે કે દિવાળી બાદ જ આવે છે અને તે પણ દર વર્ષ કરતા ઓછા અને ઓછામાં પુરું કોરોનાને કારણે ડીલે થયેલા લગ્નો અને યોજાનાર લગ્નો આ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં જ યોજાશે. અને હવે આ દિવસોને એક કે બે મહીનાની જ વાર છે ત્યારે નવેમ્બર અને ડિસેમ્બરમાં યોજાનાર લગ્નોની તૈયારી હાલ શરૂ થઈ ગઈ છે. શહેરના દીકરા દીકરીઓ પોતપોતાની લગ્ન વિષયક ખરીદી ઓનલાઈન જ કરી રહ્યા છે.

કોરોનાને કારણે આજે ઘરની બહાર નીકળવામાં પણ નગરજનોને જોખમ લાગી રહ્યું છે ત્યારે કોઈ પણ ખરીદી કરવા માટે ઘરની બહાર બીજા શહેરમાં કે શહેરમાં અલગ અલગ જગ્યાએ જવાની બદલે દરેક વિવિધ ઓનલાઈન શોપીંગ એપ્લીકેશનમાંથી કપડા, જવેલરી જેવી અનેક લગ્નમાં જરૂરી ચીજવસ્તુઓ મંગાવી રહ્યા છે અને ઓનલાઈન એપ્લીકેશનમાં પણ એક સુવિધા અપાય છે કે ૩-૪ દિવસમાં વસ્તુ રિટર્ન થઈ શકે છે. કપડાં માટે પરફેકટ માપ મુજબ જ સાઈઝ ચાર્ટ નક્કી થાય છે એ મુજબ ડ્રેસ કે બ્લાઉઝ પણ સિવાઈને ઘરે જ આવી જાય છે. ઉપરાંત શેરવાની કે ઝભ્ભો પણ ગ્રાહક પુરું માપ આપી દે તો ઓનલાઈન સાઈટ પર તેનું વેચાણ કરતા વેપારી તે માપ મુજબ સીવીને ઘરે કુરીયર કરી દે છે એ સાથે તોરણ, વોલપીસ, લગ્નનો ચૂડો, જવેલરી, ડ્રેસ, કુર્તી, સાડી જેવી તમામ વસ્તુ ઓનલાઈન જ મળી જતી હોવાથી આજે ઘરે બેઠા આરામથી ગ્રાહક ખરીદી કરી શકે છે અને નગરજનો લોકડાઉન સમયથી જ ઓનલાઈન ખરીદીથી ટેવાઈ ગયા છે ત્યારે દુલ્હનનું પાનેતર પણ ઓનલાઈન ઓર્ડરથી અવેલેબલ હોય છે. આ ઉપરાંત વરરાજાના ચપ્પલ, મોજડી, સાફો આ તમામ પણ ઓનલાઈન સાઈટસ પર અવેલેબલ છે. એટલે પહેલું કહેવાતું હતું ને કે 'કર લો દુનિયા મુઠ્ઠી મેં' તેવી જ રીતે આજે હાથમાં એટલે કે મોબાઈલમાં જ દરેક વસ્તુ વિશેની જાણકારી આજે મળી રહે છે અને ઓનલાઈન પેમેન્ટ સ્વાઈપ કરતા ઓર્ડર કરેલી વસ્તુ ઓછમાં ઓછા ૩ થી ૫ દિવસોમાં ઘરે જ મળી જાય છે. અને આ સરળતાથી થતી ખરીદીમાં સમય સંજોગ સાથે કોરોનાથી પણ જાળવી શકાય છે એટલે નગરજનો હવે લગ્નની શોપીંગ પણ ઓનલાઈન જ કરવાનો આગ્રહ રાખી રહ્યા છે.

## રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં શાહપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક દ્વિતિય સ્થાને

### ઓનલાઈન તથા કુરીયર દ્વારા સર્ટીફીકેટ તથા બે હજાર પુરસ્કાર ટ્રાન્સફર કરવામાં આવશે

ચિલોડા, તા.૮

સિલ્વર ગ્રુપ મહારાષ્ટ્ર અને વર્લ્ડ સેવન વન્ડર્સ રેડિયન્ટ ટેલેન્ટ બુક ઓફ રેકોર્ડ દ્વારા રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આત્મનિર્ભર ભારતમાં યુવાનોની ભૂમિકા વિષય અંતર્ગત રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં શાહપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અશ્વિનભાઈ પ્રજાપતિએ આત્મનિર્ભર ભારતમાં યુવાનોની ભૂમિકા વિશે સ્વરચિત નિબંધ તૈયાર કરી વોટસએપ અને ઈમેલ દ્વારા કૃતિ મોકલી હતી. જેની અંતિમ તારીખ પમી ઓગષ્ટ ૨૦૨૦ નિયત કરેલ હતી. જેનું રાષ્ટ્રીય કક્ષાએ પમી સપ્ટેમ્બર શિક્ષકદિનના રોજ પરિણામ જાહેર થતાં અશ્વિનભાઈ પ્રજાપતિએ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી શાળા અને ગામનું નામ રોશન કર્યું છે. સ્પર્ધાના નિયમો મુજબ સ્થાનિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી ઓનલાઈન તથા કુરિયર દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે સાથે સાથે ઈનામની રકમ રૂપિયા બે હજાર પુરસ્કાર પણ ટ્રાન્સફર કરવામાં આવશે.

## ટીંટોડા ગામે પગે બાઈક અડી જતા યુવાન પર ચાર શખ્સોનો હુમલો

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર નજીક આવેલા અમરાપુરા ટીંટોડા ગામમાં રહેતા યુવકનું બાઈક ભીમનાથ મહાદેવ મંદિર પાસે ઉભા રહેલા ગામના શખ્સને અડી ગયું હતું. જેને પગલે ગામના ચાર શખ્સોએ ગામના જ યુવક પર માથામાં પાઈપ મારી અને ગડાદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે યુવકે ટીંટોડાના ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમરાપુર-ટીંટોડા ગામનો યુવક શૈલેષ જીવાજી ઠાકોર (ઉં.૨૯) બાઈક લઈને જઈ રહ્યો હતો. તે સમયે ભીમનાથ મહાદેવ મંદિર પાસે ગામના વિનોદજી શીવાજી ઠાકોરના પગે બાઈક અડી ગયું હતું. જેથી વિનોદજી એ ગાળાગાળી કરતા યુવકે ગાળો બોલવાની ના પાડતા વિનોદજીએ ફોન કરીને પોતાના ભાઈઓને બોલાવી લીધા હતા. જેથી તાત્કાલીક ભાઈના ફોનને પગલે દોડી આવેલા ખોડાજી તેમજ મનુજીએ પણ યુવકની કોઈ વાત સાંભળ્યા વિના યુવક પર હુમલો કર્યો હતો. જેમાં ખોડાજી એ માથાના ભાગે પાઈપ મારતા ઈજા પહોંચી હતી. જેથી યુવક ઘર તરફ દોટ મુકી હતી. તેમ છતા ત્રણેય ભાઈઓએ તે યુવકને ઘર પાસે ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે તેમનું ઉપરાણુ લઈને આવેલા બળદેવ ઉર્ફે ટીનાજી છનાજી ઠાકોરે પણ યુવકને માર માર્યો હતો. યુવકને છોડાવા માટે વચ્ચે પડેલા તેના ભાઈને પણ ચારેય જણાએ માર માર્યો હતો. ગ્રામજનો મોટીસંખ્યામાં ભેગા થઈ જતા વધુ મારમાંથી યુવકને બચાવ્યો હતો. બંને યુવકને સારવા માટે લઈ જવાયા હતા. બનાવ અંગે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચારેય શખ્સો સામે ધોરણસરની તપાસ શરુ કરી છે.

વર્ષાઋતુની મોસમ ચાલી રહી છે. ગયા અઠવાડિયા પડેલા ઘણો વરસાદ નગરમાં પડયો છે પરંતુ તે પાણી હજી સુધી રહે નહિ પરંતુ વરસાદના પાણી ભરાય તેનાથી પણ ખરાબ રીતે ગટર ઉભરાઈને ખાબોચિયા સે-૨૧ સ્થિત જાહેર શૌચાલયની બહાર ભરાયા છે. સે-૨૧ એ નગરજનોનું પ્રિય શાકભાજી ખરીદવાનું સ્થળ છે ત્યારે દરરેજ આવનજાવન કરતા નગરજનો ત્યાં આવતી ગંધથી વાહન પાર્કિંગ પણ નથી કરી શકતા.

## ભૂદેવો દ્વારા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદીનું સન્માન

ગાંધીનગરના ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી અને યુવા બ્રહ્મ અગ્રણી દિવ્ય ત્રિવેદીની નવીન ઓફિસના ઉદઘાટન પ્રસંગે શ્રી સોમનાથ બ્રહ્મકર્મ સમન્વય ટ્રસ્ટના હોદ્દેદારો તથા બ્રહ્મ અગ્રણીઓ દ્વારકેશલાલ રાવલ, દિપકભાઈ રાવલ, દિલીપભાઈ શાસ્ત્રી, ભરતભાઈ, આશિષભાઈ ભટ્ટ મયંકભાઈ ભટ્ટ, પ્રિયંકભાઈ જાની ઉર્ફે પપ્પુ મહારાજ વગેરેએ ઉસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. આ સાથે કોરોનાકાળમાં લોકડાઉન દરમિયાન કર્મકાંડી બ્રાહ્મણોને અશ્વિન ત્રિવેદી દ્વારા મદદ કરવામાં આવી હતી તેબદલ સંસ્થા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ઈન્ફોસીટી પાસે કારમાંથી વિદેશી દારૂની ૯ બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ઈન્ફોસીટી ખાતે આવેલ જીઓ કંપનીના સ્ટોરની સામે પાર્કીંગમાંથી ૯ બોટલ વિદેશી દારુ સાથે એક શખ્સ ઝડપાયો છે. પોલીસે રૂ.૨૮૮૦ ની કિંમતની ૯ બોટલ વિદેશી દારુ તેમજ રૂ. ૧ લાખની વેગેન-આર કાર મળીને કુલ રૂ. ૧,૦૨,૮૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીશ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકે સૌ કર્મચારીઓ હાજર હતા. તે સમયે સિધ્ધરાજસિંહ ભીખુસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે જીઓ સ્ટોરની સામે સફેદ કલરની વેગેન-આર કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈને એક શખ્સ ઉભો રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા કારમાં દારૂ લઈને ઉભેલો સેકટર-૨૪ નો હિરલ રમેશચંદ્ર જયસ્વાલ (ઉં.૩૪ મકાન નં.૫૭-૨૩૪ શ્રીનગર સોસાયટી)ને પકડી પાડ્યો હતો. પોલીસે જી.જે.૧૮.એસી.-૨૭૩૮ નંબરની કાર ચેક કરતા થેલામાંથી ૯ બોટલ મળી આવી હતી. જેને પગલે પોલીસ રૂ. ૨૮૮૦ નો કિંમતનો ૯ બોટલ દારુ અને રૂ.૧ લાખની કાર મળીને કુલ રૂ.૧,૦૨,૮૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂની બોટલ યુવક ક્યાંથી લાવ્યો હતો અને અને કોને આપવાનો હતો.જયારે દારૂના વેપાર સાથે તે કેટલા સમયથી સંકળાયેલ છે તે સહિતની તપાસ પોલીસે હાથ ધરી છે. જયારે પોલીસે યુવક સામે પ્રોહીએકટ મુજબ ગુનો દાખલ કરીને કાર્યવાહી શરુ કરી છે.

## સોનાનો દોરો લુંટી લેનાર ૪ શખ્સોને એલસીબી પોલીસે ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૮

આજથી એક વર્ષ અગાઉ રાજપુરાથી માણસા તરફ જતા માર્ગ પર સાંજના સુમારે સોનાના દોરાની લુંટ થઈ હતી. સ્કુટર લઈને જતા એક નાગરીકના ગળામાંથી સોનાનો દોરો લુંટી લેનાર ૪ શખ્સોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે. બનાવ અંગે માણસા પોલીસ મથકે ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા વિજયસિંહ નવલસિંહને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે તેરસાપરા ચોકડી નજીકથી ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. જેમાં માણસાના ધોળાકુવા ગામના પુનમજી ઉર્ફે બાદશાહ બાલાજી ઠાકોર (ઉં.૨૭), સંજય ઉર્ફે એડી દાજીજી ઠાકોર (ઉં.૨૨) તેમજ રીદ્રોલ ગામના વિપુલ ઉર્ફે વીડી દિલિપજી ઠાકોર (ઉં.૨૦) અને દિપક બળદેવજી ઠાકોર (ઉં.૨૦)નો સમાવેશ થાય છે. પોલીસને તેમની પાસેથી સોનાની ચેઈન મળી આવી હતી. આ ચેઈન તેઓએ એક વર્ષ અગાઉ રાજપુરાથી માણસા તરફ જતા માર્ગ પર સાંજના ૭ વાગ્યાના અરસામાં સ્કુટર લઈને જતા વ્યકિતના ગળામાં પહેરેલો સોનાનો દોરો લુંટવા જતા ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં દોરો અડધો સ્કુટર ચાલક પાસે અને અડધો દોરો લુંટી તે શખ્સો બાઈક પર બેસીને ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂ.૨૫ હજારની કિંમતનું બાઈક જી.જે.૧૮.ડી.એફ.૧૮૦૯ તેમજ રૂ.૧૯,૯૬૦ની કિંમતનો તુટેલો દોરો કબ્જે લીધો હતો. બનાવ અંગે આરોપીઓ સામે માણસા પોલીસ મથકે ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. કલાવતીબેન વિનોદકુમાર પટેલ, ઉ.વ. ૬૩, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. વાઘરી રણજીત બાબુભાઈ, ઉ.વ. ૪૩, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. શનાભાઈ રામાભાઈ લુહાર, ઉ.વ. ૬૪, ટીંટોડા, તા. ગાંધીનગર
- સ્વ. મ્રીગેન્દ્ર નાનુભાઈ દેસાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. ભાનુબેન કાન્તિલાલ પંડયા, ઉ.વ. ૮૬, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. વિનુભાઈ પુંજાભાઈ પટેલ, ઉ.વ. ૬૭, પાલૈયા, તા. દહેગામ
- સ્વ, ચાવડા સંજયસિંહ બાબુજી, ઉ.વ. ૩૭, બિલોદ્રા, તા. માણસા
- સ્વ. બળદેવભાઈ કાન્તિલાલ દવે, ઉ.વ. ૬૪, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. પટેલ કાન્તાબેન રમણભાઈ, ઉ.વ. ૬૫, દેલવાડ, તા. માણસા
- સ્વ. પ્રતાપભાઈ નરોત્તમભાઈ ઠાકર, ઉ.વ. ૮૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. કૈલાશબેન દશરથસિંહ ગોહિલ, ઉ.વ. ૫૩, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. નટવરભાઈ નાગરભાઈ જાદવ, ઉ.વ. ૬૧, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. કેતનકુમાર ચંદ્રગોપાલ દોશી, ઉ.વ. ૫૭, સેકટર-૨, ગાંધીનગર

## ઈન્ફર્મરીઝ સિવાય પાંજરાપોળ ખાતે પણ રાખવામાં આવતા પોલીસ કેસવાળા પશુઓ માટે સહાય મળવા પાત્ર

### જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં અધિકારીઓ અને પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં પ્રાણી અત્યાચાર અને પોલીસકેસ વાળા પશુ અંગે કામગીરીની સમીક્ષા માટે જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે યોજાયેલી બેઠકમાં જિલ્લામાં દર ૧૦ ગામ દીઠ પશુઓની આકસ્મિક સારવાર માટે એક મોબાઈલ વાનની યોજના તથા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા ૧૯૬૨ની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્યની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, જિલ્લા વિકાસ અધકારી શાલીની દુહાન તથા અન્ય અધિકારીઓ તેમજ જીવદયા, પશુ કલ્યાણ, ગૌશાળા, પાંજરાપોળ સાથે સંકળાયેલા સ્વયંસેવકો અને જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં કલેકટરે જિલ્લામાં કાર્યરત ઈન્ફર્મરીઝ માણસા મહાજન પાંજરાપોળ તરફથી માહિતી પ્રાપ્ત કરી પોલીસ કેસવાળા પશુઓને પાંજરાપોળ ખાતે રાખવા બાબતે ચર્ચા કરી હતી. આ પ્રસંગે બેઠકમાં ઉપસ્થિત રાજય પ્રાણી કલ્યાણ બોર્ડના મદદનીશ પશુપાલન નિયામકે સભ્યોને ઈન્ફર્મરીઝ સિવાય નજીકની પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા પોલીસ કેસવાળા પશુઓ માટે સહાય મળવા પાત્ર છે તેવી માહિતી આપી હતી અને તે અંગે સંસ્થાએ અધ્યક્ષની અનુમતિ મેળવી લેવા જણાવ્યું હતું. બેઠકમાં હાજર પંકજભાઈ બુચ, જિજ્ઞેશભાઈ જોષી, પ્રકાશભાઈ પટેલ વગેરેએ સોસાયટીની કામગીરી બાબતે સૂચનો કર્યા હતા. આ સાથે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ તેમજ જિલ્લામાં કાર્યરત ૧૦ ગામ દીઠ એક મોબાઈલ વાન યોજનાની રીવ્યુ બેઠક યોજાઈ હતી અને જિલ્લાના દશેલા, વાસણા ચૌધરી અને આજોલ ખાતેના મોબાઈલ પશુ દવાખાનાની કામગીરી અંગે જીવીકે-ઈએમઆરઆઈના પ્રોજેકટ કોઓર્ડિનેટર સાથે વિગતવાર ચર્ચા કરી પશુપાલકો તેમની સેવાનો વધુ લાભ મેળવે તે અંગે સૂચનો કર્યા હતા.

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા જનતા રોડ આંદોલન અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા જનતા રેડ આંદોલન સમિતિની બેઠક સોમવારના રોજ સેકટર-૨૩ શોપીંગ સેન્ટર ખાતે અગ્રણી વેપારી કૌશિકભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આમંત્રિત મહેમાન તરીકે કર્મચારી અગ્રણી મનુભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સેકટર-૨૩, ૨૪, ૨૫ના વસાહતીઓ વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સેકટરોની વિવિધ સમસ્યાઓ જેવી કે, પીવાના પાણીની પાઈપલાઈન બદલવી, ગટર વીજળી, જાહેર તુટી ગયેલ રોડ રસ્તા, વીજળી બીલ, ગેસબીલ, મિલકત વેરાના ડબલ બીલો આપવા, સાફસફાઈ, જાહેર શૌચાલય, જંતુનાશક દવાઓનો છંટકાવ, પીવાના પાણીનું પ્રેશર ઓછું આવવું, અસરગ્રસ્ત દુકાનોને માલિકી હક આપી નામે કરવામાં આવે, રોડનું લેવલ જેવા વિવિધ પ્રશ્નો ઉપસ્થિત વસાહતીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નોને સરકારમાં રજૂઆત કરવાની સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલા એ ખાતરી આપી હતી. વેપારીઓ દ્વારા જનતા રેડ આંદોલનને ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. બેઠકમાં સેકટર-૨૩ના આગ્રણી અને દુધવેપારી મંડળીના મેનેજિંગ ડિરેકટર પંકજભાઈ શુક્લ નિતિનભાઈ પટેલ, હરેશભાઈ પટેલ, મેહુલ પટેલ, મેરુસિહ ચાવડા, પ્રકાશભાઈ શાહે ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો. સંસ્થાના હોદ્દેદારો કેશરીસિંહ બિહોલા, રાજેન્દ્ર પારેખ, પ્રદિપસિંહ બિહોલા, કે. પી સોલંકી, જયેશભાઇ આગજા, સી .કે સોની, હેમાશુભાઈ ભચેચ, જયેન્દ્રભાઈ ઠક્કર, વિઠ્ઠલભાઈ પરમાર, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, ઘનશામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, મફતભાઈ દેસાઈ, મનુભાઇ નાયી, અશ્વિનભાઈ રાઠોડ વગેરે હાજર રહ્યા હતા.

## લુંટના ગુના આચરતા આરોપીને પાસા હેઠળ લાજપોર જેલ ધકેલાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર, અડાલજ, કલોલ અને કડી પોલીસ મથકમાં લુંટ, મારામારી અને ચોરીના ગુનામાં અનેકવાર પોલીસના હાથમાં આવી જનાર આરોપીને પાસા હેટળ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. પોલીસે આરોપી મહેન્દ્ર ઉર્ફે મહીન બાબભાઈ સેનમા (લુણાસણ,કડી) સામે નોંધાલેયાલ ગુનાઓને ધ્યાને લઈ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ પાસા હેઠળ કાર્યવાહી કરવા માટે સુચના આપી હતી. જેથી એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહે આરોપી સામે પાસા દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તના આધારે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આરોપીની પાસા હેઠળ અટકાયત કરીને જામા હેઠળ સુરતની લાજપોર જેલ મોકલી આપવામાં આવ્યો હતો.

## રાંધેજા ગામથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૮

પેથાપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે રાંધેજા ગામમાં વેરાઈ માતાના મંદિર પાસે વરલી મટકાનો જુગાર એક શખ્સ રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા વરલી મટકુ રમાડતા રાંધેજા ગામના શાંતિલાલ હિંમતલાલ પરમાર (ઉં.૫૮ કૃષ્ણનગર ઈન્દીરા આવાસ)ને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સ પાસેથી સાહિત્ય અને રૂ.૪૧૦ રોકડા કબ્જે કર્યા હતા. પોલીસે આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.